# B.K.M.SCIENCE COLLEGE,VALSAD

## NSS

### Lecture on Digital Transaction – Cashless Payment.
### 8 th December 2016

Keeping in view the promotion of digital transaction in the state for 'National Digitization Campaign' a lecture on the benefits of Digital transaction - Cashless Payment, was arranged by the College on 8 th December 2016. A Government expert Shri Rajendra Patel was invited to deliver a lecture.The seminar started with welcome speech by Vice principal Dr.T.G.Gohil.

The lecture was intended to educate the students and faculty members to adapt digital mode of transactions. He expressed the merits and necessity of digital payment system aftermath the demonetization.He gave more information on different modes of electronic transfer of funds and also focused on various advantages of cashless transactions. He also underlined the necessity of exercising precautions during such transactions and gave practical demonstrations. He motivated the students to adopt the different methods of cashless transaction in their life.

He explained to the students the procedure for digital transaction – cashless Payment. The students the procedure for digital transaction. The students could now pay their fees from the comforts of their home and avoid standing in long queues.The lecture also highlighted the safety/precautionary measures to be observed while making digital transaction.The lecture was quit informative and beneficial to the student for their banking digital transaction - Cashless Payment. The program was attended by aroumd 68 students.


On this Occasion, Vice Principal Dr.T.G.Gohil, NSS Programme officer Prof.R.R.Solanki and Prof.D.R.Patel were also present in the lecture. A large number of students and faculty members attended the lecture and interacted with the resource persons to clear the apprehensions regarding digital mode of transaction and payment.In the end, Prof.R.R.Solanki presented vote of thanks.

Principal,
B.K.M. Science College,
Valsad, Gujarat, India.






B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA




બીજા બેંક એકાઉન્ટમાં ફંડ ટ્રાન્સફર


B.K.M. SCIENCE COLLEGE
VALSAD
GUJARAT
INDIA

Press Note

વાપી, શુક્રવાર, 7 ઓક્ટોબર, 2016

દિવ્ય ભાસ્કર

ફટાફટ સમાચાર

## ડિજીટલ ઈન્ડિયાના વર્કશોપમાં વલસાડના વિદ્યાર્થીઓ વિજેતા




વલસાડ| પેપરલેશ જોબાના ઉદ્દેશ્યને સચોટ કરવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ સમગ્ર સમાજ સમજી વિચારી નિર્ભય પણે કરે તથા તેનો પ્રચાર પ્રસાસ થાય એ હેતુથી 4 ઓક્ટોબરના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે ડિજીટલ ઈન્ડિયાના શિર્ષક સાથે એક વર્કશોપનું આયોજન કરાયું હતુ. જેમાં બી.કે.એમ. સાયન્સ કોલેજના આઠ જેટલા રાષ્ટ્રીય સ્વયં સેવકોએ ભાગ લીધો હતો. વર્કશોપ દરમિયાન યોજાયેલી ક્વિઝ સ્પર્ધામાં આ સ્વયં સેવકોની ટીમ દ્વિતિય ક્રમે આવી હતી. જ્યારે ચિત્રકલા સ્પર્ધામાં નિધી એમ પટેલ વિજેતા રહ્યા હતા. તેમની આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસરોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

7/10/16

આચાર્ય,
બી. કે. એમ. સાયન્સ કોલેજ
વલસાડ - ગુજરાત.

Press Note

વાપી ટુ તાપી ન્યુઝ

૧૩ ડિસેમ્બર મંગળવાર, ૨૦૧૬

# કેશલેશ વ્યવહાર અંગે બી.કે.એમ. સાયન્સ કોલેજમાં વર્કશોપ યોજાયો

**વલસાડ :** બી.કે. એમ. સાયન્સ કોલેજના આચાર્ય ડો. વિકાસ દેસાઇ જણાવે છે કે ડીજીટલ ઇન્ડીયાના ભાગરૂપે કેશલેશ વ્યવહાર તથા ઇ-પેમેન્ટને લગતા વિષયો પર વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના હેતુથી સરકારી ઇજનેરી કોલેજ વલસાડ ખાતે તા. ૦૯/૧૨/૨૦૧૬ ના રોજ એક વર્કશોપના આયોજનમાં બી. કે. એમ. સાયન્સ કોલેજ, વલસાડનાં NSS તથા NCC ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આવો જ એક તાલીમવર્ગ તા. ૦૮/૧૨/૨૦૧૬ ના રોજ બી. કે. એમ. સાયન્સ કોલેજ, વલસાડમાં પણ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં વલસાડનાં કલેક્ટરશ્રી દ્વારા ઇ-પેમેન્ટનાં વ્યાખ્યાનથી જાગૃતિ લાવવા માટે નીમાયેલા કો-ઓર્ડિનેટર શ્રી મનીષભાઇ પ્રજાપતિ દ્વારા દિવસ દરમ્યાન ચાર બેંચમાં વ્યાખ્યાન તેમજ વિડીયોગ્રાફીથી કેશલેશ વ્યવહારનું મહત્વ સમજાવ્યું હતું. આમ કોલેજના વિદ્યાર્થીઓ કેશલેસ વ્યવહારનું પ્રશિક્ષણ મેળવી સમાજમાં તેનો પ્રચાર અને પ્રસાર કરી કેશલેશ વ્યવહાર વધે અને ખરા અર્થમાં ડીજીટલ ઇંડીયાનું નિર્માણ થાય તેવા ભગીરથ પ્રયાસમાં જોડાયા છે.

B.K.M. SCIENCE COLLEGE VALSAD GUJARAT INDIA

13/12/16

આચાર્ય,
બી. કે. એમ. સાયન્સ કોલેજ
વલસાડ - ગુજરાત.

Press Note

SANDESH THURSDAY, 15•12•2016

વલસાડ- વાપી

# ડિજિટલ બેંકિંગ તથા કેશલેસ વ્યવહાર અંગે સાયન્સ કોલેજમાં વર્કશોપ યોજાયો



## પાંચ શાળાઓના ૨૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા કેશલેસ ઇકોનોમી બાબતે જાગૃતિ લાવવા રેલી કઢાઇ

વલસાડ, તા. ૧૪

ડિજિટલ ઈન્ડિયાના ભાગરૂપે કેશલેસ વ્યવહાર તથા ઈ-પેમેન્ટને લગતા વિષયો પર વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના હેતુથી વલસાડની સરકારી ઈજનેરી કોલેજ ખાતે ગત તા. ૯મીએ યોજાયેલા એક વર્કશોપમાં બી. કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ. તથા એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. એવો જ એક તાલીમ વર્ગ બી.કે.એમ. સાયન્સ કોલેજ ખાતે પણ ગોઠવાયો હતો. જેમાં વલસાડના કલેક્ટર દ્વારા ઈ-પેમેન્ટના વ્યાખ્યાયનથી જાગૃતિ લાવવા માટે નિમાયેલા કો-ઓર્ડીનેટર મનીષભાઈ પ્રજાપતિ દ્વારા દિવસ દરમિયાન ચાર બેચમાં વ્યાખ્યાન તેમજ વીડિયોગ્રાફીથી કેશલેસ વ્યવહારનું મહત્ત્વ સમજાવ્યું હતું.

એ જ રીતે, કેશલેસ વ્યવહાર તથા ઈ-બેંકિંગ બાબતે જાગૃતિ આણવા બુધવારે યોજાયેલી રેલીમાં, વલસાડની બાઈ આવાંબાઈ હાઈસ્કૂલ, શેઠ આર. જે.જે. હાઈ., શ્રમજીવી શાળા સહિત પાંચ શાળાઓના ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. રેલીને વલસાડના કલેક્ટર રેમ્યા મોહન તથા પ્રાંત અધિકારી ક્ષિપ્રા અગ્રેએ આવાંબાઈ હાઈસ્કૂલથી લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવી હતી. રેલી હાલરરોડથી કલેક્ટર કચેરી થઈ, તાલુકા પંચાયત કચેરી નજીક પૂર્ણ થઈ હતી. રેલીમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ ઈ-બેંકિંગને લગતા બેનરો હાથમાં રાખ્યા હતાં.

VALSAD GUJARAT INDIA B.K.M. SCIENCE COLLEGE

Dam 15/12/16

આચાર્ય,
બી. કે. એમ. સાયન્સ કોલેજ
વલસાડ - ગુજરાત.